Alembic
Touching Lives over 100 years

**એલેમ્બિક લિમિટેડ**
રજીસ્ટર્ડ ઓફિસ : એલેમ્બિક રોડ, વડોદરા – ૩૯૦ ૦૦૩
CIN: L26100GJ1907PLC000033
ફોન : +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦ ફેક્સ : +૯૧ ૨૬૫ ૨૨૮૨૫૦૬
ઈ–મેલ : alembic.investors@alembic.co.in
વેબસાઈટ : www.alembiclimited.com

# નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૧૧૨મી વાર્ષિક સાધારણ સભા શુક્રવાર તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે ''સંસ્કૃતિ'', એલેમ્બિક કોર્પોરેટ કોન્ફરન્સ સેન્ટર, પ્રગતિ સહકારી બેન્ક લિમિટેડ સામે, એલેમ્બિક કોલોની, વડોદરા-૩૯૦૦૦૩ ખાતે રાખવામાં આવેલ છે ('એજીએમ').

આથી કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૯૧ અન્વયે નોટિસ આપવામાં આવે છે કે કંપનીના નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ડિવિડન્ડની ઘોષણા કરવા તથા એજીએમ માટે ધ રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુકસ શુક્રવાર તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ થી શુક્રવાર તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.

આના સંદર્ભમાં નોટિસ આપવામાં આવે છે કે કંપનીએ એજીએમ માટેની નોટિસ શેરહોલ્ડરોને મોકલવાનું કાર્ય સોમવાર તા. ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ પુરું કર્યુ છે. કંપની પોતાના શેરહોલ્ડરોને એજીએમ સિવાયના સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ('રીમોટ ઈ-વોટિંગ') દ્વારા મત આપવાની સુવિધા સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ ('CDSL') મારફતે આપતા આનંદ અનુભવે છે. શેરહોલ્ડરોએ ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન કરવા માટે www.evotingindia.com પર લોગ ઓન કરવું જરૂરી છે. ઇ-વોટિંગ કરવા માટેની વિગતવાર પ્રક્રિયા નોટિસમાં દર્શાવવામાં આવી છે.

જે શેરહોલ્ડરો કટ-ઓફ તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ શુક્રવાર ના રોજ કંપનીના શેર ધરાવતા હોય તેઓ રીમોટ ઇ-વોટિંગ દ્વારા અથવા મતપત્રક દ્વારા એજીએમમાં મતદાન કરી શકશે. રીમોટ ઇ-વોટિંગનો સમય **મંગળવાર તા. ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને ગુરૂવાર તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પુરો થશે.** જે શેરહોલ્ડરોએ રીમોટ ઇ-વોટિંગ દ્વારા મતદાન કર્યુ હોય તેઓ પણ આ સભામાં હાજરી આપી શકશે પરંતુ તેઓને ફરીવાર મતદાન કરવાનો અધિકાર નહીં મળે. કોઈપણ વ્યકિત કે જે આ નોટિસ મોકલ્યા બાદ અને શુક્રવાર તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ કંપનીના શેર મેળવીને કંપનીના સભ્ય બન્યા હોય તે helpdesk.evoting@cdslindia.com પર વિનંતી કરીને લોગ ઈન આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરી શકે છે. ઇ-વોટિંગથી મતદાન માટેનું મોડ્યુલ ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૯ ના રોજ (સાંજે ૫.૦૦ કલાકે) CDSL દ્વારા બંધ કરી દેવામાં આવશે.

કંપનીનો વાર્ષિક રીપોર્ટ, એજીએમની નોટિસ, એટેન્ડન્સ સ્લીપ અને પ્રોકસી ફોર્મ, કંપનીની વેબસાઈટમાં નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છે. http://www.alembiclimited.com/#qr અને ત્યાંથી જ તે ડાઉનલોડ પણ કરી શકાશે. એજીએમની નોટિસ સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com ઉપર પણ ઉપલબ્ધ છે.

**ઇ–વોટિંગની બાબતમાં ફરિયાદો માટે સંપર્ક :**
**શ્રી રાકેશ દલવી, મેનેજર**
સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ,
૨૫મો માળ, એ-વિંગ, મેરેથોન ફ્યુચરેક્ષ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ,
એન.એમ.જોષી માર્ગ, લોવર પરેલ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૩.
ઇ-મેલ આઈડી : helpdesk.evoting@cdslindia.com
ફોન નં. : ૧૮૦૦૨૦૦૫૫૩૩

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/-
દ્રિગેશ મિત્તલ
કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૨જી સપ્ટેમ્બર, ૨૦૧૯

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com ઉપર ઈન્વેસ્ટર સેકશનમાં અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ www.nseindia.com અને www.bseindia.com ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેકશનમાં પણ ઉપલબ્ધ છે.